# ડી-સ્ટ્રીમિંગ વિષે પરિવારોને શું જાણવાની ઇચ્છા છે

## ડી-સ્ટ્રીમિંગ

| | |
|---|---|
| **સ્ટ્રીમિંગ શું હોય છે?** | • સ્ટ્રીમિંગનો અર્થ થાય છે કે જુદા જુદા અભ્યાસક્રમોના પ્રકારોમાં વિદ્યાર્થીઓને અલગ કરવા.<br>• ઓન્ટારિયોમાં, અત્યારે વિદ્યાર્થીઓને ગણિત, અંગ્રેજી, વિજ્ઞાન, ભૂગોળ, ઇતિહાસ અને ફ્રેન્ચ માટે સ્ટ્રીમ કરવામાં આવે છે. આ ગ્રેડ 9 અને 10 અભ્યાસક્રમો માટેના અભ્યાસક્રમોના પ્રકારો ઍકેડેમિક, અપ્લાઈડ અને લોકલી ડેવેલપ્ડ હોય છે. |
| **ડી-સ્ટ્રીમિંગ શું હોય છે?** | • ડી-સ્ટ્રીમિંગનો અર્થ થાય છે કે વિદ્યાર્થીઓને હવે ઍકેડેમિક અને અપ્લાઇડ સ્ટ્રીમ્સમાં અલગ કરવામાં આવશે નહીં.<br>• સ્કૂલો હજુપણ લોકલી ડેવેલપ્ડ ક્લાસો ઑફર કરી શકશે.<br>• 2021-2022 સ્કૂલ વર્ષમાં મૅથેમેટિક્સનું ડી-સ્ટ્રીમ કરવામાં આવી રહ્યું છે.<br>• ડી-સ્ટ્રીમ્ડ મૅથેમેટિક્સ ક્લાસ વિદ્યાર્થીઓને યુનિવર્સિટી, કૉલેજ, ઍપ્રેન્ટિસશિપ અને વર્કપ્લેસ પાથવેઝ માટે તૈયાર કરશે. |
| **અભ્યાસક્રમો (કોર્સ)ને શા માટે ડી-સ્ટ્રીમ કરવામાં આવે છે?** | • સંશોધન બતાવે છે કે ડી-સ્ટ્રીમિંગ, વિદ્યાર્થીઓ માટે સારા પરિણામોમાં પરિણમે છે, ખાસ કરીને જેઓ હાંસિયામાં ધકેલાયેલા સમુદાયોમાંથી આવતા હોય. |
| **નવી ગ્રેડ 9 માટેના ગણિત અભ્યાસક્રમ માટે ક્લાસનું કદ શું રહેશે?** | • ક્લાસના કદ વિષે નિર્ણયો લેવામાં આવ્યા નથી. |
| **નવી ગ્રેડ 9ના ગણિત અભ્યાસક્રમની વિષેની માહિતી હું ક્યાંથી મેળવી શકીશ?** | • નવા ગણિત અભ્યાસક્રમ માટે શિક્ષણ મંત્રાલયની અભ્યાસક્રમ (Ministry of Education's Curriculum) વેબસાઇટ પર વધુ માહિતી મેળવી શકાશે:<br>https://www.dcp.edu.gov.on.ca/en/curriculum#secondary |
| **નવા ડી-સ્ટ્રીમ ગણિત અભ્યાસક્રમ માટે જે વિદ્યાર્થીઓને સ્પેશિઅલ એજ્યુકેશન (વિશેષ શિક્ષણ) ની જરૂરિયાતો હોય તેમના માટે કેવી મદદ આપવામાં આવશે?** | • જે વિદ્યાર્થીઓને સ્પેશિઅલ એજ્યુકેશન (વિશેષ શિક્ષણ)ની જરૂરિયાતો હોય તેમના માટે શિક્ષકો વ્યક્તિગત શિક્ષણ યોજનાનો અમલ કરશે.<br>• સેકંડરિ સ્કૂલમાં વિદ્યાર્થીઓને મદદ આપવા માટે ગણિતના શિક્ષકો વિશેષ શિક્ષણ સંસાધન શિક્ષકો સાથે સહયોગથી કામ કરવાનું ચાલુ રાખશે. |
| **આગળ આવતા વર્ષમાં શું ગ્રેડ 9ના બધા અભ્યાસક્રમો ડી-સ્ટ્રીમ કરવામાં આવશે?** | • ગ્રેડ 9ના ગણિત અભ્યાસક્રમને સૌથી પહેલાં ડી-સ્ટ્રીમ કરવામાં આવશે.<br>• ગ્રેડ 9ના અંગ્રેજી, ફ્રેન્ચ, ભૂગોળ અને વિજ્ઞાનના અભ્યાસક્રમોને ભવિષ્યના વર્ષોમાં ડી-સ્ટ્રીમ કરવામાં આવશે. |
| **શું ગ્રેડ 10ને પણ ડી-સ્ટ્રીમ કરવામાં આવશે?** | • આગળ આવતા ત્રણ વર્ષોની અંદર શિક્ષણ મંત્રાલય અત્યારે ફક્ત ગ્રેડ 9ને ડી-સ્ટ્રીમ કરવાનું ધ્યેય રાખે છે. |

## લોકલી ડેવેલપ્ડ કોર્સ (સ્થાનિક રીતે વિકસિત અભ્યાસક્રમો)

| | |
|---|---|
| **લોકલી ડેવેલપ્ડ (અથવા અસેન્શિઅલ્સ) અભ્યાસક્રમો શું હોય છે?** | • લોકલી ડેવેલપ્ડ (સ્થાનિક રીતે વિકસિત) અભ્યાસક્રમો તેવા વિદ્યાર્થીઓની જરૂરિયાતોને આધાર આપે છે જેમને નોંધપાત્ર રીતે ગ્રેડ 8માં ફેરફાર કરેલા કાર્યક્રમો મળ્યા હોય છે.<br>• કેટલીક સ્કૂલોમાં લોકલી ડેવેલપ્ડ (સ્થાનિક રીતે વિકસિત) અભ્યાસક્રમો ગ્રેડ 9 અને ગ્રેડ 10 સ્તર પર આપવામાં આવે છે જે અંગ્રેજી, ગણિત, વિજ્ઞાન અને/અથવા ઇતિહાસ (હિસ્ટ્રી) માટે હોય છે.<br>• વિદ્યાર્થીઓ જે લોકલી ડેવેલપ્ડ (સ્થાનિક રીતે વિકસિત) અભ્યાસક્રમોમાં હોય છે તેઓ દૈનિક જિંદગી સાથે જોડાયેલા તત્ત્વોમાં શિક્ષણ મળવે છે.<br>• કૉલેજ અને યુનિવર્સિટીના કાર્યક્રમો જેમાં હાઈ સ્કૂલ મૅથેમેટિક્સ અભ્યાસક્રમની જરૂર હોય છે તેઓ આ રીતના અભ્યાસક્રમોને એડમિશન (પ્રવેશ) માટે મંજૂર નહીં કરે. |

| | |
|---|---|
| **મારા બાળકની ભલામણ સ્થાનિક રીતે વિકસિત કાર્યક્રમ માટે શા માટે કરવામાં આવી?** | જે વિદ્યાર્થીઓની ભલામણ સ્થાનિક રીતે વિકસિત અભ્યાસક્રમોમાં ભાગ લેવા માટે કરવામાં આવે છે તેઓ:<br>• ગ્રેડ 7 અને 8ના નોંધપાત્ર રીતે ફેરફાર કરેલા અભ્યાસક્રમની અપેક્ષાઓ પર કામ કરી શકે છે.<br>• અને જેઓ ગ્રેડ સ્તર પર હજુ કામ નથી કરતા અને જેમને વધુ મદદની જરૂર છે. |
| **જો મારા બાળકને લોકલી ડેવેલપ્ડ પ્રોગ્રામિંગ (સ્થાનિક રીતે વિકસિત કાર્યક્રમ) માટે સૂચવવામાં આવે તો મારે ક્યા સવાલો પૂછવા જોઇએ?** | • મારું બાળક ફેરફારો વિના સ્વતંત્ર રીતે ગ્રેડના ક્યા સ્તર પર કામ કરી રહ્યું છે?<br>• મૅથેમેટિક્સ (ગણિતશાસ્ત્ર)માં મારા બાળકની સફળતાનું ક્યું સ્તર છે?<br>• શું મારું બાળક ફેરફારો સાથે (ગ્રેડ સ્તરની અપેક્ષાઓમાં ફેરફારો) અથવા યોગ્ય ગોઠવણો (એવી મદદ સાથે જે અભ્યાસક્રમની અપેક્ષાઓમાં ફેરફારો નથી કરતી) કામ કરી રહ્યું છે? |
| **જો વિદ્યાર્થીઓ લોકલી ડેવેલપ્ડ (સ્થાનિક રીતે વિકસિત) અભ્યાસક્રમો લે તો, તેમના માટે ક્યા પાથવે વિકલ્પો (ઍપ્રેન્ટિસશિપ, કૉલેજ, યુનિવર્સિટી, વર્કપ્લેસ) રહે છે?** | • જે વિદ્યાર્થીઓ ગ્રેડ 9 અને 10માં લોકલી ડેવેલપ્ડ (સ્થાનિક રીતે વિકસિત) અભ્યાસક્રમો પૂર્ણ કરે તેમને સીધી રીતે ગ્રેડ 11 વર્કપ્લેસ અભ્યાસક્રમોમાં જવા માટે તૈયાર કરવામાં આવે છે, જેને લીધે તેમને હાઈ સ્કૂલ પછી નોકરી (રોજગાર) મળી શકે છે અને/અથવા ઍપ્રેન્ટિસશિપની તકો મળી શકે છે.<br>• જે વિદ્યાર્થીઓ સફળતાપૂર્વક ગ્રેડ 9ના લોકલી ડેવેલપ્ડ (સ્થાનિક રીતે વિકસિત) અભ્યાસક્રમો પૂર્ણ કરે છે તેઓ ગ્રેડ 9ના વિષયને અલગ પ્રકારના અભ્યાસક્રમ માટે લઈ શકે છે, જેમ કે ડી-સ્ટ્રીમ્ડ. આ પાથવે ત્યાર પછી ગ્રેડ 11 અને 12ના કૉલેજ, ઍપ્રેન્ટિસશિપ અથવા યુનિવર્સિટી અભ્યાસક્રમો અને કાર્યક્રમો સુધી લઈ જઈ શકે છે. |

## વધુ માહિતી

| | |
|---|---|
| **જો મારું બાળક ફ્રેન્ચ, અંગ્રેજી, વિજ્ઞાન અથવા ભૂગોળ માટે અપ્લાઇડ કોર્સને પસંદગી આપે તો, આગળ આપતી ગ્રેડની પસંદગીમાં આ પાથવે કેવી રીતે અસર કરશે?** | • અપ્લાઇડ અભ્યાસક્રમો મોટા ભાગે સીધી રીતે ગ્રેડ 11/12ના કૉલેજ અને વર્કપ્લેસ અભ્યાસક્રમો તરફ લઈ જઈ છે, પરંતુ ઘણી વખત વધારાના અભ્યાસક્રમો દ્વારા યુનિવર્સિટી સુધી પણ લઈ જઈ શકે છે.<br>• એ જાણવાનું મહત્ત્વનું રહે છે કે બધા પાથવે વિદ્યાર્થીઓ માટે ઉપલબ્ધ હોય છે, પરંતુ ડેટા દર્શાવે છે કે, જે વિદ્યાર્થીઓ અપ્લાઇડ અભ્યાસક્રમોમાં શરૂઆત કરે છે તેઓ, જે વિદ્યાર્થીઓ શૈક્ષણિક અભ્યાસક્રમોમાં હોય છે તેમની સરખામણીમાં માધ્યમિક પછીનું શિક્ષણ (પોસ્ટ-સેકંડરિ એજ્યુકેશન) મેળવવા માટે ઓછા તત્પર હોય છે. |
| **ઍકેડેમિક અને અપ્લાઇડ ક્લાસોમાં શું તફાવત હોય છે?** | • અપ્લાઇડ ક્લાસોમાં પાઠ્યક્રમોના તત્ત્વોને પરિચિત પરિસ્થિતિઓ અને હેન્ડ્સ-ઓન શિક્ષણનો ઉપયોગ કરીને શીખવવામાં આવે છે.<br>• ઍકેડેમિક ક્લાસોમાં તત્ત્વોને પરિચિત અને અમૂર્ત (એબ્સ્ટ્રેક્ટ) પરિસ્થિતિઓનો ઉપયોગ કરીને શીખવવામાં આવે છે.<br>• અત્યારે, અપ્લાઇડ ક્લાસોમાં 22 વિદ્યાર્થીઓ હોઈ શકે છે અને ઍકેડેમિક ક્લાસોમાં 29 વિદ્યાર્થીઓ હોઈ શકે છે. |
| **મારા બાળકને ગણિતમાં મદદ કેવી રીતે મળી શકે છે?** | વિદ્યાર્થીઓ પાસેથી મદદ મેળવી શકે છે:<br>• તેમના ગણિતના શિક્ષક; અને/અથવા<br>• TVO મૅથિફાઈ દ્વારા નિઃશુલ્ક ઑનલાઇન શિક્ષણ; અને/અથવા<br>• બોર્ડની વેબસાઇટના મૅથેમેટિક્સ પેજ પર આ સ્વઆકારણીનું સાધન |
| **ડી-સ્ટ્રીમિંગ પરના સંશોધન વિષે હું ક્યાંથી વધારે વાંચી શકું છું?** | નીચે જણાવેલી વેબસાઇટો પર સ્ટ્રીમિંગ વિષે વધુ માહિતી મળી શકે છે:<br>• Restacking the Deck<br>• Is It Time to Detrack Math?<br>• Restructured Pathways - Addressing Streaming from Grades 1 to 12 in the Toronto District School Board<br>• NCSM Position Paper - Closing the Opportunity Gap: A Call for Detracking Mathematics<br>• Ten Steps to Equity in Education<br>• Equity and Quality in Education: Supporting Disadvantaged Students and Schools<br>• Stop Streaming Students<br>• Understanding Issues Associated with Tracking Students in Mathematics Education |